


# ડિસેમ્બર ૨૦૧૫

# Most IMP Current Affairs




**Useful For....**

**UPSC, GPSC, GAUN SEVA, PSI, SSC, CDS, NDA, AIR FORCE, NAVY, IB, IFS, RBI, IBPS, SBI, TAT, TET, HTAT, Railway, Post, LIC, GIC, AAO, GCET, MBA & All Competitive Exams**

www.crackgpsc.com

www.crackgpsc.com

# ડિસેમ્બર ૨૦૧૫

## We are famous for...

**The Most IMP,**

**Authentic,**

**To the point,**

**Up to date**

**Material**

www.crackgpsc.com



# Most Imp Current Affairs – December 2015

- બ્રિક્સ દેશોનું પ્રથમ મિડિયા શિખર સંમેલન 1 ડિસેમ્બર 2015ના રોજ ચીનની રાજધાની બેઈજિંગમાં યોજવામાં આવ્યું. ચીનની સમાચાર એજન્સી 'શિન્હુઆ'એ આ પહેલની શરૂઆત કરી.
- IBC (ઇન્ડસ્ટ્રીયલ એન્ડ કોમર્સિયલ બેંક ઓફ ચાઈના લિ.) ટાટા ગ્રુપનું સ્ટ્રેટેજીક આસિસ્ટન્ટ બન્યું.
- ઝારખંડ રાજ્ય દુકાળગ્રસ્ત ઘોષિત.
- ઇઝરાયેલની સેનાએ ભારત સાથે સંયુક્ત રીતે વિકસિત લાંબા અંતર સુધી પ્રહાર કરનારી 'બરાક-8' મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું.
- વિશ્વ રોબોટ ઓલંપિયાડ કતરની રાજધાની દોહામાં યોજવામાં આવ્યું. 2016ની સ્પર્ધા દિલ્હીમાં યોજાશે.
- સૌર ઊર્જાના પ્રયોગને પ્રોત્સાહન આપવા માટે બિલ ગેટ્સ, મુકેશ અંબાણી, રતન ટાટા અને જૈક મા સહિત દુનિયાના ખાસ ઉદ્યોગપતિઓએ એક કરાર કર્યો. આને બ્રેકથ્રુ એનર્જી કોલીઝન નામ આપવામાં આવેલ છે જેમાં 28 આંતરરાષ્ટ્રીય રોકાણકારો સામેલ છે. આમાં 100થી વધુ દેશ સામેલ થશે જ્યાં સૂર્ય પ્રકાશ પ્રચુર માત્રામાં હોય છે.
- બ્રિટીશ વકીલ પેટ્રીસિયા સ્કોટલેન્ડ કોમનવેલ્થ મહાસચિવ નિયુક્ત. તેઓ કોમનવેલ્થમાં મહાસચિવ બનનાર પ્રથમ બ્રિટીશ મહિલા નાગરિક બન્યાં. તેઓ એક એપ્રિલ 2016ના રોજ ભારતના કમલેશ શર્માનું સ્થાન લેશે.
- રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ IIM અમદાવાદમાં 31 બાળકોને ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામ ઇગ્નાઈટ એવોર્ડ પ્રદાન કર્યા.

**ડૉ. અબ્દુલ કલામ ઇગ્નાઈટ 2015 એવોર્ડ**

- આ રાષ્ટ્રીય સ્તરે ટેક્નિકલ વિકાસ માટે 17 વર્ષ સુધીની વયના બાળકો દ્વારા કરવામાં આવેલ આવિષ્કારો માટે આપવામાં આવતો પુરસ્કાર છે.
- દર વર્ષે ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામના જન્મ દિવસે 15 ઓક્ટોબરના રોજ ઇગ્નાઈટ એવોર્ડની ઘોષણા કરવામાં આવે છે.

- દિવસ રાતની પ્રથમ ટેસ્ટ મેચ એડિલેડ ઓવલમાં ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ વચ્ચે રમાઈ. ઓસ્ટ્રેલિયાએ આ સીરીઝ 2-0થી જીતી. આ મેચમાં પ્રથમ વખત લાલ બોલની અપેક્ષાએ ગુલાબી બોલનો ઉપયોગ કરવામાં આવ્યો. આથી આને પિંક બોલ ટેસ્ટથી પણ ઓળખવામાં આવી.
- પી વી સિંધુએ સતત ત્રીજી વખત મકાઉ ઓપન ગ્રા. પ્રી, ગોલ્ડ બેડમિન્ટન ટુર્નામેન્ટ જીતી.
- બ્રિટનના ટેનિસ ખેલાડી એંડી મરેએ ડેવિડ ગોફિનને હરાવીને ડેવિસ કપ ખિતાબ જીત્યો.
- સિટી બેંક તથા સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંકમાં કામ કરી ચૂકેલ ભારતના સોમ સુબ્રતો દુબઈના નાણાકીય ગ્રુપ મશરિકના રિટેલ બેંકિંગ બિઝનેસના પ્રમુખ નિયુક્ત થયા.
- જર્મન ફોર્મ્યુલા 1 ડ્રાઈવર નિકો રોઝબર્ગે અબુ ધાબી ગ્રાન્ડ પ્રિક્સ જીતી.
- ઇથોપિયન બિરહાનુ લેગેસી અને કેન્યાની સિંથિયા લિમોએ ક્રમશઃ પુરુષ અને મહિલા વર્ગની એરટેલ દિલ્હી હાફ મેરેથોન જીતી.
- સાઉદી આરબમાં પ્રથમ વખત મહિલાઓને નગર નિગમ ચૂંટણીઓમાં વોટ આપવા અને ચૂંટણી લડવાનો અધિકાર આપવામાં આવ્યો.
- એશિયન બીઝનેસ લીડરશિપ ફોરમ, દુબઈ (ABLF) 2015માં હિંદુજા બ્રધર્સને લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડ આપવામાં આવ્યો.
- કેન્દ્ર સરકારે ઈન્જેકશન ઇનેક્ટીવેટેડ પોલીયો વેક્સીનનો (IPV) શુભારંભ કર્યો.
- અનિલ કુંબલેએ મુંબઈ ઈન્ડીયન્સના 'ચીફ મેન્ટર' પદેથી રાજીનામુ આપ્યું.
- પોલેન્ડના ફૂટબોલ ખેલાડી રોબર્ટ લેવાંડોવસ્કીએ નવ મિનિટમાં પાંચ ગોલ કરીને વિશ્વ રેકોર્ડ બનાવ્યો.
- ભારત અને ફ્રાન્સે પેરિસમાં આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધનનો શુભારંભ કર્યો. આ ગઠબંધન રાષ્ટ્રીય સૌર ઊર્જા સંસ્થા, ગુડગાંવથી સંચાલિત થશે. આનો મુખ્ય હેતુ ઉષ્ણકટિબંધીય દેશોને સૌર ઊર્જાના યોગ્ય ઉપયોગ માટે એક મંચ પર લાવવાનો છે.
- 46મો ભારતીય આંતરરાષ્ટ્રીય ફિલ્મોત્સવ ગોવામાં યોજવામાં આવ્યો. સમાપન સમારોહના મુખ્ય અતિથિ એ. આર. રેહમાન હતા. સર્વશ્રેષ્ઠ ફિલ્મ - એમ્બ્રેસ ઓફ ધ સર્પેંટ, સર્વશ્રેષ્ઠ નિર્દેશક - પીટર ગ્રીનઅવે.
- સંયુક્ત રાષ્ટ્ર પ્રમુખ બાન કી મૂને વિશ્વના જળવાયુ પરિવર્તન પ્રભાવિત દેશોમાં 'એન્ટીસિપેટ, એબ્સોર્બ, રીશેપ' નામની પહેલ શરુ કરી.
- રોચ માર્ક ક્રિસ્ટીયન કાબોર પશ્ચિમ આફ્રિકન દેશ બુર્કિના ફાસોના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા.
- પ્રસિદ્ધ સારંગી વાદક ઉસ્તાદ સબરી ખાનનું નિધન થઇ ગયું.

www.crackgpsc.com

- કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રી સ્મૃતિ ઈરાનીએ IIT ગાંધીનગર, ગુજરાતમાં જ્ઞાન (ગ્લોબલ ઈનીશીએટીવ ઓફ એકેડમિક નેટવર્ક્સ) યોજનાનો શુભારંભ કર્યો.

| ગ્લોબલ ઈનીશીએટીવ ઓફ એકેડમિક નેટવર્ક્સ (GIAN) |
|---|
| • આનું લક્ષ્ય આંતરરાષ્ટ્રીય સહયોગના માધ્યમથી દેશમાં ઉચ્ચ શિક્ષણની ગુણવત્તામાં સુધારો કરવાનું છે. આ યોજના અંતર્ગત વિવિધ દેશોના શિક્ષણવેત્તાઓને ભારતમાં અલ્પકાલિન પાઠ્યક્રમો અને કાર્યક્રમોને સંબોધિત કરવા માટે આમંત્રિત કરવામાં આવશે. |

- જનસેવામાં ટેકનોલોજી અને મોબાઈલ એપ સેવા સંસાધનોના યોગ્ય ઉપયોગ માટે દિલ્હી વિકાસ ઓથોરીટી (DDA) ઈ-ઇંડિયા પુરસ્કારથી સન્માનિત.
- પ્રખ્યાત વાયોલીનવાદક લક્ષ્મીનારાયણ સુબ્રમણ્યમને સંગીત સન્માનથી સન્માનિત કરવામાં આવશે. સલામ બોમ્બે અને મિસિસિપિ મસાલા જેવી ફિલ્મોમાં તેમણે વાયોલીન પર ધૂન આપી હતી.
- નાણાકીય વર્ષ 2015-16ના બીજા ક્વાર્ટરમાં (જુલાઈ-સપ્ટેમ્બર) રાષ્ટ્રીય વિકાસ દરમાં 7.4%નો વધારો.
- ઠાકુર અનૂપ સિંહે બોડી બિલ્ડીંગ ચેમ્પિયનશિપમાં મિસ્ટર વર્લ્ડ-2015નો ખિતાબ જીત્યો.
- ભારતીય મૂળના અમેરિકન વૈજ્ઞાનિક સર વેંકટરમન રામકૃષ્ણને લંડનમાં રોયલ સોસાયટીનું અધ્યક્ષ પદ ગ્રહણ કર્યું.

| સર વેંકટરમન રામકૃષ્ણન |
|---|
| • તેમણે ટોમ સ્ટીત્ઝ અને એડાયોનાથ સાથે 2009માં રસાયણ વિજ્ઞાન માટે નોબલ પુરસ્કાર મેળવ્યો હતો. તેમણે આનુવંશિક માહિતીનું અધ્યયન કર્યું. |

- વિજયકુમાર ચૌધરી બિહાર વિધાનસભાના અધ્યક્ષ ચૂંટાયા.
- કેન્દ્રીય મંત્રીમંડળે જળ સંસાધન વ્યવસ્થા અને વિકાસ સહયોગ ક્ષેત્રે ભારત અને ઇઝરાયેલ વચ્ચે MOU પર હસ્તાક્ષર માટે મંજુરી આપી.
- કેન્દ્રીય મંત્રીમંડળે ડબલ ટેક્સેશન સામે બચાવ માટેની સમજૂતીને (DTAC) મંજુરી આપી. આનો હેતુ કર સંબંધી સૂચનાઓનું આદાનપ્રદાન સુગમ બનાવવાનો છે.
- પ્રખ્યાત ઉદ્યોગપતિ અને ભૂતપૂર્વ રાજ્યસભા સાંસદ રામાસ્વામીનું નિધન થઇ ગયું.
- કેન્દ્રીય મંત્રીમંડળે જર્મની સાથે સૌર ઊર્જા માટે ભારત અને જર્મની વચ્ચેના MOUને મંજુરી આપી.

www.crackgpsc.com

- જહાજ નિર્માણ અને મરમ્મત કાર્યોમાં ઉપયોગી કાચા માલને બોર્ડર ટેક્સ અને કેન્દ્રીય ઉત્પાદન ટેક્સથી મુક્ત કરવાની ઘોષણા.
- અમેરિકાના ભૂતપૂર્વ સુરક્ષા સલાહકાર સેંડી બર્ગરનું નિધન. તેમણે કારગીલ યુદ્ધમાં અમેરિકાને ભારત તરફ કરવામાં મહત્વપૂર્ણ ભાગ ભજવ્યો હતો.
- કેન્દ્રીય મંત્રીમંડળે છ નવી IIT સ્થાપવાની મંજુરી આપી.
- બ્રિકવર્ક રેટિંગ્સના રિપોર્ટ અનુસાર ગ્રોસ સ્ટેટ ડોમેસ્ટિક પ્રોડક્શન (GSDP) બાબતે બિહાર સૌથી આગળ. મહારાષ્ટ્ર સૌથી મોટી અર્થવ્યવસ્થા તરીકે ઉભર્યું.
- ઉબેરે વિકલાંગ અને વૃદ્ધ લોકો માટે ઉબેર અસિસ્ટ નામની વિશેષ સેવા શરુ કરી.
- વિશ્વમાં સ્વચ્છ ઊર્જા ક્રાંતિને વેગ આપવા માટે પેરીસ લે બર્જેત, ફ્રાન્સમાં સંયુક્ત રાષ્ટ્ર જળવાયુ પરિવર્તન સંમેલન 2015 COP 21ના મંચ પરથી ભારત સહિત 20 પ્રતિભાગી દેશો દ્વારા 'મિશન ઇનોવેશન'નો શુભારંભ કરવામાં આવ્યો. આ દેશ 2020 સુધી સ્વચ્છ ઊર્જા સંશોધન અને વિકાસ માટે બમણી નાણાકીય જરૂરીયાત પૂર્ણ કરશે. આ મિશનનો હેતુ બધા માટે સસ્તી અને વિશ્વસનીય ઊર્જા પૂરી પાડવા સાથે આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવાના પ્રયત્નો વધારવાનો છે.
- એક્સિસ બેંકે NRI ખાતાધારક પ્રવાસી ભારતીય ગ્રાહકો માટે ડિસ્પ્લે આધારિત ડેબીટ કાર્ડ લોન્ચ કર્યું. આ સાથે જ આ સુવિધા આપનાર આ દેશની પ્રથમ બેંક બની ગઈ.

**ડિસ્પ્લે આધારિત ડેબીટ કાર્ડ**

- આ EMV સમર્થિત ડેબીટ કાર્ડમાં એક ડિસ્પ્લે અને ટચ બટન છે. આના માધ્યમથી ગ્રાહક પોતે વન ટાઈમ પાસવર્ડ (OTP) જનરેટ કરી શકે છે. આથી ઈન્ટરનેટ બેંકિંગ દ્વારા લેવડદેવડ દરમ્યાન OTP મેળવવા માટે SMS અને ઈ-મેઈલની રાહ જોવી નહી પડે.

- અમિતાભ બચ્ચને ઇન્ટરનેશનલ પ્રિમીઅર ટેનિસ લીગની (IPTL) ફ્રેન્ચાઇઝી ઓયુઈ સિંગાપુર સ્લેમર્સ સાથેની ભાગીદારીમાં માલિકી મેળવી.
- 3 ડિસેમ્બર 2015ના રોજ આંતરરાષ્ટ્રીય વિકલાંગ દિવસ ઉજવાયો.



- ટી. એસ. ઠાકુરે ભારતના મુખ્ય ન્યાયાધીશ પદના શપથ લીધા. તેઓ દેશના 43મા મુખ્ય ન્યાયાધીશ બન્યા. તેમણે ન્યાયમૂર્તિ એચ. એલ. દત્તુનું સ્થાન લીધું.
- દિલ્હી વિધાનસભામાં વિધાયકોની બેઝીક સેલેરીમાં 400% વધારો આપવાનું વિધેયક બહુમતથી પસાર.
- ફ્લિપકાર્ટે મેપ માય ઇન્ડિયામાં ભાગીદારી ખરીદી. આનો હેતુ ડીલીવરી ચેનને મજબુત કરવાનો છે.
- હિમાચલ પ્રદેશ રોટાવાયરસ રસીકરણ પ્રોજેક્ટ શરુ કરનાર ભારતનું પ્રથમ રાજ્ય બન્યું.
- ગેલે ઈસરોના એક એકમ નેશનલ રિમોટ સેન્સિંગ સેન્ટરના સહયોગથી 'ભુવન ગેલ પોર્ટલ' નામનું એક પાઈપલાઈન દેખરેખ ભૂ-પોર્ટલ લોન્ચ કર્યું.
- પ્રથમ ભારતીય અંતરરાષ્ટ્રીય વિજ્ઞાન મહોત્સવ IIT, દિલ્હીમાં શરૂ થયો.
- 4 ડિસેમ્બર 2015ના રોજ 44મો નૌસેના દિવસ ઉજવાયો.
- આંધ્રપ્રદેશ કેન્દ્ર સરકારની ઉજ્જવળ ડિસ્કોમ આશ્વાસન યોજનામાં સામેલ થનાર પ્રથમ રાજ્ય બન્યું. આ યોજનાનો હેતુ દેવામાં ડૂબેલ ઊર્જા કંપનીઓનો પુનરોદ્ધાર કરવાનો છે.
- ચીનમાં સ્થાનિક સ્તરે વિકસિત વીજ ચલિત વિમાન આરએક્સ1ઈના (RX1E) ઉત્પાદન માટે મંજુરી આપવામાં આવી. આ ચીનનું પ્રથમ માનવયુક્ત વીજ ચલિત વિમાન હશે.
- ઇકો ટુરીઝમને પ્રોત્સાહન આપવા માટે ચંબલ સફારી લોજ, આગ્રામાં દેશના સૌથી મોટા 'બર્ડ ફેસ્ટીવલ'નું આયોજન કરવામાં આવ્યું.
- ભારતે શારીરિક રીતે અશક્ત ખેલાડીઓની T-20 ઇન્ડો-પાક દોસ્તાના ક્રિકેટ સીરીઝ જીતી.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ડૉ. આંબેડકરના 125મા જન્મદિવસ નિમિત્તે 125 રૂપિયા અને 10 રૂપિયાના સ્મારક સિક્કા બહાર પાડ્યા.
- દેશની પ્રથમ ડબલ ડેકર ગોવા-મુંબઈ શતાબ્દી રેલગાડી શરુ.
- મોટા પાયે જળવાયુ પરિવર્તન રોકવા માટે ચાર યુરોપીયન દેશો જર્મની, નોર્વે, સ્વિડન અને સ્વીત્ઝરલૅન્ડે પેરિસમાં પરિવર્તનકારી કાર્બન એસેટ સુવિધા (TCAF) શરુ કરી.
- સુબ્રમણ્યન સમિતિએ રિપોર્ટમાં GST માટે સ્ટાન્ડર્ડ રેટ લગાવવાની ભલામણ કરી.
- એપ્રિલથી સપ્ટેમ્બર (છ મહિના) દરમ્યાન ભારતમાં પ્રત્યક્ષ વિદેશી રોકાણમાં સિંગાપુર ટોચના સ્થાને. તેણે મોરેશિયસનું સ્થાન લીધું.
- કાહેર કાઝેમ જનરલ મોટર્સ (ઇન્ડિયા) ના પ્રમુખ નિયુક્ત.
- વિશ્વના બીજા દેશોમાં ઓનલાઈન શિક્ષણ આપનારી ખાન એકેડમીએ ભારતીય બજાર માટે ટાટા ટ્રસ્ટ સાથે નિ:શુલ્ક ઓનલાઈન શિક્ષણ આપવા માટે પાંચ વર્ષના કરાર કર્યા.
- ICC ટેસ્ટ રેન્કિંગમાં દક્ષિણ આફ્રિકા પ્રથમ, ભારત બીજા સ્થાને.

www.crackgpsc.com

- બુબ્બા વોટ્સને હીરો વર્લ્ડ ચેલેન્જ ગોલ્ફ ખિતાબ જીતી લીધો.
- જોય બાંદેકર એપ આધારિત ટેક્સી સેવા આપનાર કંપની ઓલાના કોર્પોરેટ અધ્યક્ષ નિયુક્ત.
- ઓસ્ટ્રેલિયાએ બેલ્જીયમને હરાવીને પુરુષોની હોકી વિશ્વ લીગનો ખિતાબ જીત્યો.
- IPL ટીમ દિલ્હી ડેરડેવિલ્સે ગેરી કર્સ્ટનને મુખ્ય કોચના પદેથી દૂર કર્યા.
- 7 ડિસેમ્બર 2015ના રોજ સશસ્ત્ર સેના ધ્વજ દિવસ ઉજવાયો.
- ટેક મહિન્દ્રાને 'ફોર્બ્સ ટોપ 100 મિડલ ઇસ્ટ-ગ્લોબલ મીટ્સ લોકલ 2015' પુરસ્કાર આપવામાં આવ્યો. આ પુરસ્કાર માટે એવી મોટી કંપનીઓની પસંદગી કરવામાં આવે છે, જેનું વૈશ્વિક કંપની હોવા સાથે પશ્ચિમ એશિયામાં ક્ષેત્રીય કાર્યાલય પણ હોય.
- આફ્રિકન દેશો અને દાતાઓના ગઠબંધને જળવાયુ પરિવર્તન પર પેરિસમાં યોજાયેલ 195 દેશોના સંયુક્ત રાષ્ટ્ર ફ્રેમવર્ક કન્વેન્શનના એક સંમેલન નિમિત્તે આફ્રિકન રિસ્ટોરેશન ઈનીશીએટીવનો (AFR 100) શુભારંભ કર્યો.

**AFR 100**

- આ મહત્વાકાંક્ષી પહેલની યોજના વર્ષ 2030 સુધી 100 મિલિયન હેક્ટર (250 મિલિયન એકર) જમીન પર ફરીથી વનીકરણ કરવાની છે. AFR 100 ઈનીશીએટીવનો હેતુ જંગલોના પુનર્વિકાસને પોષવાનો છે જેથી કરીને તે શક્તિશાળી કાર્બન સિંક બની શકે, જળવાયુ પરિવર્તનને લીધે ઉત્પન્ન થતા કાર્બન ડાયોક્સાઈડને શોષી શકે અને ગામડાંના ગરીબોને આજીવિકા પૂરી પાડી શકે.

- સુપ્રીમ કોર્ટ દ્વારા એસિડ એટેક પીડિતોને વિકલાંગોની શ્રેણીમાં રાખવાનો નિર્દેશ.
- 'LCU-L 55' પાંચમું યુદ્ધ જહાજ ભારતીય નેવિના વાઈસ એડમિરલને સોંપવામાં આવ્યું.

**'LCU' (લેન્ડીંગ ક્રાફ્ટ યુટિલિટી) - L 55**

- 'LCU - L 55' આઠ લેન્ડીંગ ક્રાફ્ટ યુટિલિટી શિપ્સની શ્રેણીનું પાંચમું જહાજ છે.
- યુદ્ધ જહાજ LCU MK-4 (લેન્ડીંગ ક્રાફ્ટ યુનિટ માર્ક-4) પ્રોજેક્ટનો હિસ્સો છે. આ પ્રોજેક્ટ હેઠળ શ્રેણીબદ્ધ આઠ યુદ્ધ જહાજ GRSE (ગોલ્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જીનિયર્સ લિ.) દ્વારા કરવામાં આવશે. GRSE નિર્મિત યુદ્ધ જહાજ ભારતીય તટવર્તી સીમાઓના રક્ષણ માટે તથા દુશ્મનોની ગતિવિધિઓ પર નજર રાખવા માટે પ્રખ્યાત છે.
- જહાજનો ઉપયોગ વિવધ પ્રકારની ભૂમિકાઓવાળી ગતિવિધિઓ જેવી કે, બીચીંગ ઓપેરેશન્સ, માનવતાવાદી અને સંકટ રાહત કાર્યો તથા દૂર દૂરના ટાપુઓ પરથી લોકોને બચાવવા માટે કરવામાં આવશે.

- મહારાષ્ટ્ર, વિધાનમંડળમાં ઓનલાઈન પ્રશ્નોની અનુમતિ આપનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યું. આ પહેલનો હેતુ કાગળના ઉપયોગને ઘટાડવાનો છે.
- અમેરિકન અંતરિક્ષ એજન્સી નાસાના કાર્યક્રમ હેઠળ ઓર્બિટલ ATK સીગ્નસ કાર્ગો સ્પેસશિપ જરૂરી સામગ્રી OA-4 સહિત આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ સ્ટેશન (IAS) માટે લોન્ચ કરવામાં આવ્યું.
- સેબીએ ગ્રીન બોન્ડ ઇસ્યુ કરવા માટે અવધારણા પત્ર જારી કર્યો.

**ગ્રીન બોન્ડ**

- ગ્રીન બોન્ડ પણ અન્ય બોન્ડની જેમ જ છે જો કે ગ્રીન બોન્ડનો લાભ 'હરિત' પ્રોજેક્ટ્સની નાણાકીય જરૂરિયાતો પૂરી પાડવા માટે થાય છે. ભારતમાં અત્યાર સુધી માત્ર ચાર સંસ્થા- યસ બેંક, CLP ઇન્ડિયા, IDBI બેંક અને એક્ઝિમ બેંક ઓફ ઇન્ડિયાએ ગ્રીન બોન્ડ ઇસ્યુ કર્યા છે.

- ભારત અને રશિયા વચ્ચે દ્વિપક્ષીય નૌકાદળ અભ્યાસ વિશાખાપટ્ટનમમાં શરૂ થયો.
- ચીનની રાજધાની બેજિંગમાં ખતરનાક સ્તર સુધી પહોંચેલ વાયુ પ્રદુષણને લીધે 'રેડ એલર્ટ' જારી કર્યું. અહીં પ્રદુષણની MI 256થી વધુ છે, જે સ્વાસ્થ્ય માટે ખૂબ જ હાનિકારક છે. આનાથી હ્રદય અને ફેફસાં સંબંધી બિમારીઓ થઇ શકે છે અને સામાન્ય લોકોને શ્વાસ સંબંધી મુશ્કેલીઓ પેદા થઇ શકે છે. બેજિંગે વાયુ પ્રદુષણ સંબંધી એલર્ટને 'નારંગી' રંગમાંથી બદલીને સર્વાધિક સ્તરવાળા લાલ રંગનું કર્યું.
- પ્રિમીઅર બેડમિન્ટન લીગ માટે ખેલાડીઓની નિલામીમાં સાઈના અને લી ચોંગ વેઈ સૌથી મોંઘા ખેલાડી બન્યા.
- કેન્દ્ર સરકારે લોકસભામાં પરમાણુ ઊર્જા (સંશોધન) બિલ, 2015 રજુ કર્યું. આ બિલનો મુખ્ય હેતુ નવી પરમાણુ વીજળી પરિયોજનાઓની સ્થાપનામાં આવનાર મુશ્કેલીઓને દૂર કરવાનો અને સ્થાપનામાં થનાર વિલંબને ઘટાડવાનો છે.
- ભારતીય મૂળના એક અમેરિકન ઉદ્યમી અને પરોપકારી વ્યક્તિ ફ્રેંક ઇસ્લામને તેમની સિદ્ધિઓ અને વિદેશમાં ઉલ્લેખનીય યોગદાન માટે ઉત્તર પ્રદેશ રત્ન પુરસ્કાર આપવામાં આવશે.
- ઇન્ડિયા સ્ટેટ ઓફ ફોરેસ્ટ રિપોર્ટ (ISFR) 2015 અનુસાર ભારતના વન ક્ષેત્રોમાં 5081 ચો. કિલોમીટરની વૃદ્ધિ થઇ છે. વન ક્ષેત્રોમાં વૃદ્ધિ સૌથી વધુ તમિલનાડુમાં નોંધાઈ છે. દેશમાં સૌથી વધુ વન મધ્યપ્રદેશમાં 77462 ચો. કિમી છે. ટકાવારી પ્રમાણે 88.93% વન સહિત મિઝોરમ પ્રથમ સ્થાને છે.
- પંજાબ માર્શલ ટીમે ચેમ્પિયન ટેનિસ લીગ 2015નો ખિતાબ જીત્યો.

- વર્ષ 2017 સુધી IPL સેશન માટે પુણે તથા રાજકોટની ચેન્નઈ સુપર કિંગ્સ અને રાજસ્થાન રોયલ્સ ટીમોના સ્થાને અંતરિમ ફ્રેન્ચાઈઝી માટે પસંદગી.
- દિલ્લી સરકારે વધતા પ્રદૂષણને રોકવા સમ-વિષમ (એકી-બેકી) નંબર પ્લેટ યોજના શરૂ કરી. આ નિર્ણયનો અમલ 1 જાન્યુઆરીથી કરવામાં આવશે.

**સમ-વિષમ (એકી-બેકી) નંબર પ્લેટ યોજના**

- દિલ્લીમાં એક દિવસ બેકી તો એક દિવસ એકી નંબરની ગાડીઓ ચાલશે.
- બેકી તારીખે બેકી અને એકી તારીખે એકી નંબરની ગાડીઓ ચાલશે.
- આ નિયમ દિવસના સવારે 8 થી રાત્રીના 8 વાગ્યા સુધી લાગુ પડશે.

- લોકસભામાં પરમાણુ ઉર્જા (સુધારા) બીલ, 2015 પ્રસ્તુત. આ બીલના માધ્યમથી પરમાણુ ઉર્જા ધારા, 1962(એટોમિક એનર્જી એક્ટ , 1962) માં સુધારો કરાશે.
- ભારતીય મૂળના એક અમેરીકી ઉદ્યોગસાહસિક અને પરોપકારી ફ્રેન્ક ઇસ્લામને તેમની સિદ્ધિઓ અને વિદેશમાં યોગદાન બદલ યુપી રત્ન એવોર્ડ ઉત્તર પ્રદેશ પ્રવાસી દિવસ પર ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવ દ્વારા સન્માનિત કરવામાં આવશે.

**ઉત્તર પ્રદેશ પ્રવાસી દિવસ**

- ઉત્તરપ્રદેશ પ્રવાસી દિવસ વર્ષ 2016માં 4 થી 6 જાન્યુઆરી વચ્ચે આગરામાં આયોજિત કરવામાં આવશે.
- જેની શરૂઆત વર્ષ 2014માં ઉત્તરપ્રદેશના એનઆરઆઈ ડિપાર્ટમેન્ટ ની સ્થાપના સાથે થઈ હતી.

**યુપી રત્ન પુરસ્કાર**

- રાજ્ય દ્વારા પ્રવાસી ભારતીયની સિદ્ધિઓ અને શ્રેષ્ઠ યોગદાનને બિરદાવવા માટે આ યોજનાની શરૂઆત કરાઈ છે.

- રાજીવ ગાંધી ટેક્નોલોજી યુનિવર્સિટી, ભોપાલ – મધ્યપ્રદેશે એન્ટી-કેન્સર મોલેક્યુલ (અણુ)ની શોધ કરી. જેનું સંક્ષિપ્ત નામ સીટીઆર- 17 અને સીટીઆર-20 છે.
- આંતરરાષ્ટ્રીય ફૂટબોલ મહાસંઘ (ફીફા)ના પૂર્વ રેફરી એસ કે ભટ્ટાચાર્યનું પશ્ચિમ બંગાળમાં નિધન.
- ન્યુઝીલેન્ડના ઔપચારિક રૂપથી એશિયન ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેન્ક (AIIB)ના સદસ્ય બનવાની ન્યુઝીલેન્ડના નાણાપ્રધાને જાહેરાત કરી હતી. ઔપચારિક રૂપથી એશિયન ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેન્ક (AIIB)નો સદસ્ય બનનાર ન્યુઝીલેન્ડ નવમો દેશ છે.

www.crackgpsc.com

- અમેરીકાની ગ્લોબલ ફાઈનાન્સિયલ ઈંટેગ્રિટી (GFI) દ્વારા બહાર પડાયેલ રિપોર્ટ અનુસાર ભારત, વિદેશમાં કાળા નાણાં રોકવાની બાબતમાં ચોથા સ્થાને છે. ચીન પ્રથમ અને મેક્સિકો બીજા સ્થાને છે.
- બીજિંગ (ચીન) માં ખતરનાક સ્તર પર પહોચેલા વાયુ પ્રદૂષણને કારણે વર્ષનું પહેલું રેડ એલર્ટ જાહેર કરાયું.
- ક્રિસન ઈલ્યુમજીનોવે વર્લ્ડ ચેસ ફેડરેશન (એફઆઇડીઇ) ના પ્રમુખ પદેથી રાજીનામું આપ્યું. આ રાજીનામું સંયુક્ત રાજ્ય અમેરિકા દ્વારા જાહેર કરાયેલ સીરિયન શાસનને સહાય પૂરી પાડનાર લોકોના નામની યાદીમાં નામ આવવાને કારણે આપ્યું.
- ફિફા ક્લબ વિશ્વ કપ અને વિશ્વના સૌથી મોટા ઑનલાઇન અને મોબાઇલ કોમર્સ જૂથ અલીબાબાની બ્રાન્ડ અલીબાબા ઈ-ઓટો વચ્ચે વર્ષ 2015 થી 2022 માટે 8 વર્ષ માટે કરાર થયો. ફિફા ક્લબ વિશ્વ કપ 2015નું આયોજન જાપાનમાં 10 ડિસેમ્બર 2015 થી 20 ડિસેમ્બર 2015 સુધી.
- બ્રિટનમા ડેસમન્ડ તોફાનને કારણે જન-જીવનને અસર.
- ઓલ ઈંગ્લેડ ઓપન બેડમિન્ટન ચેંપિયનશીપમાં મહિલા એકલ વર્ગના આખરી મુકાબલામાં સ્પેનની કૅરોલીન મરીન આ જીત સાથે વર્ષની સર્વશ્રેષ્ઠ મહિલા બેડમિન્ટન ખેલાડી બની.
- લાતવિયાની પહેલી મહિલા પ્રધાનમંત્રી લૈમદોતા સ્ત્રૌજુમાએ લાતવિયાની સંસદ માટે થયેલ ચૂંટણી બાદ નવી સરકારની રચના માટે પોતાના પદથી રાજીનામું આપ્યું. તે 2014 માં લાતવિયાની પહેલી મહિલા પ્રધાનમંત્રી બની હતી.
- કેન્દ્રીય સંસ્કૃતિ અને પર્યટન રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) મહેશ શર્મા દ્વારા રાષ્ટ્રીય સંગ્રહાલયની આર્ટ ગેલેરીનો શુભારંભ દિલ્લી ખાતે ઉદ્યોગ ભવન, મેટ્રો સ્ટેશન પર કરાયો.
- આતરરાષ્ટ્રીય મુક્કેબાજી મહાસંઘ (IBF) દ્વારા બ્રિટીશ મુક્કેબાજી ચેમ્પિયન ટાયસન ફ્યુરી પાસેથી વિશ્વ IBF એવોર્ડ પરત લેવાની જાહેરાત કરાઈ.
- ભારતીય વિજ્ઞાન સંસ્થા બેંગલોરને અમેરિકા સેના દ્વારા સૌર ઉર્જાથી સંચાલિત માઈક્રો-ગ્રિડ પર સંશોધન કરવા અને તેના વિકાસ માટે 52900 અમેરિકી ડોલર મૂલ્યનો કરાર મળ્યો. આ કરાર જાપાન સ્થિત અમેરિકી પ્રશાંત વાયુસેના, યકોટા એર બેઝ દ્વારા કરવામાં આવ્યો.
- સીઓપી 21 જળવાયુ શિખર સમ્મેલન પ્રસંગે યસ બેન્ક લિમિટેડ દ્વારા પર્યાવરણ કાર્યક્રમ માટે 2020 સુધી 5 બિલિયન અમેરિકી ડોલર આપવા જણાવ્યુ.
- 10 ડિસેમ્બર 2015ને વિશ્વભરમાં માનવાધિકાર દિવસ તરીકે મનાવવામાં આવ્યો. પ્રથમ માનવાધિકાર દિવસ વર્ષ 1950 માં મનાવવામાં આવેલ.
- કેન્દ્રીય મંત્રીમંડળે રાષ્ટ્રીય જળમાર્ગ ધારો, 2015માં સુધારાને મંજૂરી આપી.

www.crackgpsc.com

**રાષ્ટ્રીય જળમાર્ગ ધારો, 2015**

- આ સુધારો 106 વધારાના માર્ગને રાષ્ટ્રીય જળમાર્ગથી જોડાવાનો અધિકાર આપે છે.
- આ માર્ગની શરૂઆત થવાથી દેશમાં કુલ 111 જળમાર્ગ થઈ જશે.

- ટાઈમ મેગેઝીને વર્ષ 2015 માટે જર્મનીનાં ચાન્સેલર એંજેલા માર્કેલને પર્સન ઓફ ધ યર ની ઉપાધિથી નવાજયા.

**પર્સન ઓફ ધ યર**

- આ સન્માન દરેક વર્ષે ટાઈમ્સ પત્રિકા દ્વારા આપવામાં આવે છે.
- જેની શરૂઆત વર્ષ 1927 માં કરવામાં આવેલ.
- આ સન્માનની જાહેરાત દરેક વર્ષે ડિસેમ્બરમાં કરવામાં આવે છે.
- જે લોકો દરેક વર્ષે અધિક ચર્ચામાં રહ્યા હોય (હકારાત્મક કે નકારાત્મક) તે લોકોને આ સન્માન આપવામાં આવે છે.

- મેક્સિકોએ વિશ્વની પ્રથમ ડેંગ્યુની રસીને મંજૂરી આપી. આ રસીને ફ્રાન્સની દવા નિર્માતા સમૂહ સનોફીના રસી નિર્માણ વિભાગ સનોફી પાશ્ચર દ્વારા વિકસાવવામાં આવી છે. ડેન્ગ્યુ એ વાયરસથી થતો રોગ છે તથા તે માદા જાતિના મચ્છર – એડીસ ઈજીપ્તી દ્વારા ફેલાય છે.
- હરિયાણામાં માત્ર ભણેલા ગણેલા ઉમેદવારો જ પંચાયત ચૂંટણી લડી શકશે. સર્વોચ્ચ અદાલતે રાજ્ય સરકાર દ્વારા બતાવાયેલ નવા નિયમો પર પોતાની સહમતી વ્યક્ત કરી.
- ભારત અને ઈંગ્લેન્ડે 'ઈંગ્લેન્ડ-ભારત શિક્ષણ સંશોધન અને નવતર વર્ષ' નામનો એક સંયુક્ત કાર્યક્રમ આરંભ કર્યો.
- ચાર ભારતીય શિક્ષકોની શિક્ષણ માટેના નોબલ પુરસ્કાર તરીકે જાણીતા વાર્કી જીઈએમએસ ફાઉન્ડેશન ગ્લોબલ ટીચર પ્રાઈઝ માટે પસંદગી કરાઈ.

**વાર્કી જીઈએમએસ ફાઉન્ડેશન ગ્લોબલ ટીચર પ્રાઈઝ**

- પુરસ્કારની શરૂઆત વર્ષ 2014માં વાર્કી ફાઉન્ડેશન એટ ધ ગ્લોબલ એજ્યુકેશન એન્ડ સ્કિલ ફોરમ દ્વારા કરવામાં આવી છે.
- શિક્ષણના મહત્વને ઓળખવા માટે જેની શરૂઆત કરાયેલ.

- કેન્દ્રીય જળ સંસાધન, નદી વિકાસ અને ગંગા પુનરોદ્ધાર મંત્રી ઉમા ભારતીએ નમામિ ગંગા પરિયોજનાની સફળતા માટે જળ સંસાધન મંત્રાલયે માનવ સંસાધન વિકાસ મંત્રાલય સાથે સમજૂતી કરાર કર્યો.

www.crackgpsc.com

- કેન્દ્રીય મંત્રીમંડળે ભારતમાં વહાણ નિર્માણ અને સમારકામ ઉદ્યોગને પ્રોત્સાહિત કરવા માટે 4000 કરોડના પ્રસ્તાવને મંજૂરી આપી.
- નસરૂદ્દીન શાહને દુબઈમાં આયોજિત દુબઈ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલના કાર્યક્રમ દરમિયાન લાઈફ ટાઈમ એચીવમેંટ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા. તે ઉપરાંત ફ્રાન્સિસી અભિનેત્રી કૈથરીન ડેનેયુવને પણ લાઈફ ટાઈમ એચીવમેંટ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા. 2014નો લાઈફ ટાઈમ એચીવમેન્ટ પુરસ્કાર આશા ભોસલેને આપવામાં આવ્યો હતો.
- ચીનમાં 2004માં લોન્ચ થયેલ ટેલીફોન કંપની ઓપ્પો 2016 થી 2020 સુધી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (ICC) ની વૈશ્વિક ભાગીદાર બનશે.
- કેન્દ્ર સરકારે ડુંગળીનો લઘુત્તમ નિકાસ ભાવ (MEP : જેનાથી ઓછા ભાવે કોઈ પણ વ્યાપારી આ વસ્તુને વેચી ના શકે) 700 ડોલર થી ઘટાડીને 400 ડોલર પ્રતિ ટન કર્યો.
- ન્યુઝીલેન્ડના પૂર્વ ટેસ્ટ વિકેટકીપર ક્રુગર વૈન વાઈકે ક્રિકેટની તમામ પ્રકારની રમતથી સન્યાસની જાહેરાત કરી.
- મ્યાનમારે યાંગુન સ્ટોક એક્સચેન્જ (YSX) નામના એક સ્ટોક એક્સચેન્જનું ઉદ્ઘાટન કર્યું.
- પ્રવાસન અને સંસ્કૃતિ રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) મહેશ શર્માએ "ભારત-લાઓસ: આંતર-સાંસ્કૃતિક સંબંધો" વિષે આંતરરાષ્ટ્રીય સમ્મેલનનું ઉદ્ઘાટન કર્યું.
- વર્ષ 2016 નો T-20 વિશ્વકપ 8 માર્ચ 2016થી 3 એપ્રિલ 2016 વચ્ચે આયોજિત કરવામાં આવશે.
- પી કે સિંહ સેલ – સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિ. ના ચેરમેન બન્યા.
- ભારતમાં જન્મેલ લેખક સલમાન રશ્દી લાઈફટાઈમ એચીવમેન્ટ માટે પ્રખ્યાત મેલર પ્રાઈઝથી સમ્માનિત.

| મેલર પ્રાઈઝ |
|---|
| ➢ આ પુરસ્કાર એ લેખકોને આપવામાં આવે છે કે જેમને પોતાના સ્વતંત્ર લેખનના માધ્યમથી કોઈ મુદ્દા પર વિવાદ છેડ્યો હોય. |

- રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ 'ભારતીય રાષ્ટ્રપતિની વેબસાઈટ' માં બાળકોને વિભાગ (http://164.100.23.71/demotemprb/RB-CS/RB-CS-Home.aspx) શરૂ કર્યો.
- યુનિયન સાઈકલિસ્ટ ઈન્ટરનેશનલ દ્વારા બહાર પડાયેલ વિશ્વ ચુનંદા મહિલા રેંકિંગમાં (વર્લ્ડ એલિટ વીમેન રેંકિંગ) દેબોરા હેરલ્ડને ચોથું સ્થાન પ્રાપ્ત થયું. તે ભારતની પ્રથમ સાઈક્લિસ્ટ છે કે જેને આ સ્થાન પ્રાપ્ત થયું.

www.crackgpsc.com

- યુનેસ્કો દ્વારા ભારતનાં બે શહેરો વારાણસી અને જયપુરને પહેલી વાર યુનેસ્કો ક્રિએટીવ સીટીઝ નેટવર્કમાં શામિલ કરવામાં આવ્યાં. વારાણસીને સંગીતના શહેર અને જયપુરને શિલ્પ કળા અને લોક કળા માટે સામેલ કરવામાં આવ્યા.
- ફિલિપાઇન્સ માં 'મેલર' તોફાન. આ વાવાઝોડાનું સ્થાનિક નામ "નોના" છે.
- પ્રખ્યાત અર્થશાસ્ત્રી, કૃષિ નિષ્ણાત, પત્રકાર શરદ જોશી નિધન થયું.
- ભારતીય સિનેમાના અભિનેતા દિલિપ કુમારને ગૃહ મંત્રી રાજનાથ સિંહે પદ્મ વિભૂષણથી સમ્માનિત કર્યા.

**દિલિપ કુમાર**

- તેમની પ્રથમ ફિલ્મ બોમ્બે ટોકીઝ દ્વારા નિર્મિત જ્વાર ભાટ હતી.
- એક ભારતીય અભિનેતા તરીકે અધિકતમ એવોર્ડ જીતવામાં તેમના નામે ગીનીઝ વર્લ્ડ રેકોર્ડ છે.

- 12મા દક્ષિણ એશિયાઈ રમતોત્સવ 2016ની આયોજન સમિતિએ આસામમાં આયોજિત એક કાર્યક્રમમાં પ્રતિક ચિહ્ન અને શુભંકર (માસ્કોટ) નું અનાવરણ કર્યું.

**પ્રતિક ચિહ્ન**

- પ્રતીકચિહ્નમાં 8 પાંદડીઓ છે. જે 12મા દક્ષિણ એશિયાઈ રમતોત્સવમાં ભાગ લેતા દેશોને દર્શાવે છે. આ પાંખડીઓ ઘડિયાળની દિશામાં આગળ વધતી જણાય છે.

**શુભંકર**

- શુભંકરનું નામ તિખોર રાખવામાં આવ્યું છે. જે 12મા દક્ષિણ એશિયાઈ રમતોત્સવ 2016નો બ્રાન્ડ એમ્બેસેડર છે.

- પૂર્વ મુંબઈ કમિશ્નર અહમદ જાવેદની સાઉદી અરબમાં ભારતના રાજદૂત તરીકે નિમણૂક કરી. તેઓ હમીદ અલી રાવનું સ્થાન લેશે.
- રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના અધ્યક્ષ શરદ પવાર દ્વારા ૭૫મા જન્મ દિવસે પોતાના પુસ્તક 'લાઈફ ઓન માય ટર્મ્સ ફ્રોમ ગ્રાસરૂટ્સ એન્ડ કોરિડોર્સ ઓફ પાવર' સત્તાવાર રીતે બહાર પાડવામાં આવ્યું. જેમાં 50 વર્ષના રાજકીય અને સામાજિક મુદ્દાઓનો સમાવેશ તથા રાજીવ ગાંધી સાથેના સંબંધોની બાબત સમાયેલી છે.
- મ્યાનમારના શાન રાજયમાં પ્રથમ યુનેસ્કો બાયોસ્ફીયર રિઝર્વ 'ઈન્લે ઝીલ'નો શુભારંભ કરાયો.

**ઈન્લે ઝીલ**

➢ ઈન્લે ઝીલ ને વર્ષ 2015ના જૂન માસમાં પેરિસમાં ‘યુનેસ્કો બાયોસ્ફીયર રિઝર્વ’ સ્વરૂપે નામિત કરવામાં આવ્યું.

- સોફ્ટવેયર કંપની વિપ્રોને ઈંટરનેટ માટે ઉકેલ વિકસાવવા ‘2015 એજિસ ગ્રાહમ બેલ એવોર્ડ’ ના વિજેતા જાહેર કરવામાં આવી.
- ભારત અને જાપાન વચ્ચે બુલેટ ટ્રેન પરિયોજનાને લઈને એક સમજૂતી થઈ. દિલ્લીના હૈદરાબાદ હાઉસમાં ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને જાપાની પ્રધાનમંત્રી શિંજો અબે એ આ સમજૂતી પર હસ્તાક્ષર કર્યા.

**બુલેટ ટ્રેન સમજૂતી:**

➢ બુલેટ ટ્રેન પરિયોજના માટે જાપાન ભારતને કુલ 12 અરબ ડોલર અર્થાત લગભગ 80400 કરોડ રૂપિયાની લોન આપશે.

➢ આ લોનની મુદત 50 વર્ષની રહેશે. જેના પર 15 વર્ષ સુધી કોઈ વ્યાજ ચૂકવવું નહી પડે.

➢ મુંબઈ-અમદાવાદ વચ્ચે બુલેટ ટ્રેન ચલાવવાનો કરાર થયો.

- ઓલમ્પિક પદક વિજેતા વિજયકુમારને નવી દિલ્લી ખાતે ડૉક્ટર કર્ણી સિંહ શૂટિંગ રેંજમાં આયોજિત 59મી રાષ્ટ્રીય નિશાનેબાજી ચેમ્પિયનશીપમાં પુરુષોની 25 મીટર સેન્ટર ફાયર પિસ્તોલમાં સ્વર્ણ પદક મળ્યો.
- બૌધ માટેના નવા વર્ષની શરૂઆતના પ્રતિક તિબ્બતિ બૌદ્ધ મહોત્સવ ‘લોસર’નો જમ્મુ કાશ્મીરના લદ્દાખ ક્ષેત્રમાં શુભારંભ.




- સરકાર તરફથી કેન્દ્રીય ગૃહ મંત્રાલયના ઓપરેશન સ્માઈલનું બીજું ચરણ ‘ઓપરેશન સ્માઈલ – દ્વિતીય’ દેશભરમાં 01 જાન્યુઆરી 2016થી પ્રારંભ કરાશે.

www.crackgpsc.com

**ઓપરેશન સ્માઈલ - દ્વિતીય**

- ખોવાયેલ બાળકોના બચાવ/રખરખાવ માટેના ગત અભિયાનને આગળ વધારવા ઓપરેશન સ્માઈલ - દ્વિતીય સમગ્ર દેશમાં લોન્ચ કરવામાં આવશે.

- ઈન્ફોસિસે રમત-ગમત સંબંધી સાધનો બનાવતી કંપની સ્ટાર્ટઅપ વ્હૂપમાં આંશિક ભાગીદારી હસ્તગત કરવા 30 લાખ ડોલરનું રોકાણ કર્યું.
- કેન્દ્ર સરકારે પૂર્વ સૈનિકો માટે 'વન રેન્ક વન પેન્શન' યોજનાના અમલીકરણ પર દેખરેખ રાખવા નિવૃત્ત મુખ્ય ન્યાયાધીશ એલ. નરસિમ્હા રેડ્ડીની અધ્યક્ષતામાં એક ન્યાયિક સમિતિનું ગઠન કર્યું.
- પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી દ્વારા કોલકાતામાં આયોજિત સંગીત સન્માન પુરસ્કાર સમારોહમાં વરિષ્ઠ સંગીતકાર બપ્પી લહેરી અને ગાયક કુમાર સાનુને લાઇફટાઇમ એચિવમેન્ટ એવોર્ડ આપવામાં આવ્યો.
- રાજસ્થાન સ્માર્ટ સિટીનો પ્રસ્તાવ રજૂ કરનાર ભારતનું પ્રથમ રાજ્ય. સ્માર્ટ શહેરના સ્વરૂપમાં અજમેર, જયપુર, કોટા અને ઉદયપુરને વિકસાવવામાં આવશે.
- ટેક મહિન્દ્રા અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાએ ઇટાલીની ઓટોમોબાઇલ ડિઝાઇન કંપની પિનિનફેરિના 76 ટકા શેર હસ્તગત કર્યા.
- દક્ષિણ ક્ષેત્રીય પરિષદ (એસઝેડસી)નું 26મું સમ્મેલન વિજયવાડા, આંધ્ર પ્રદેશમાં કેન્દ્રીય ગૃહપ્રધાન રાજનાથ સિંહની અધ્યક્ષતામાં યોજાયું.
- યુનાઇટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (યુએનડીપી) દ્વારા 2015નો માનવ વિકાસ અહેવાલ ઇથોપિયા માં રજૂ કરાયો. 188 દેશોની યાદીમાં ભારતને 130મુ સ્થાન મળ્યું. અહેવાલના ત્રણ શીર્ષ દેશો : નૉર્વે, ઓસ્ટ્રેલિયા, સ્વિટઝરલેંડ.
- ભારતીય મૂળના પ્રવીણ ગોરધન દ. આફ્રિકાના નાણામંત્રી બન્યા. દ. આફ્રિકાના રાષ્ટ્રપતિ – જૈકબ જુમા.
- સ્ટાર મહિલા ટેનિસ ખેલાડી સેરેના વિલિયમ્સને અમેરિકાના જાણીતા મેગેઝિન સ્પોટ ઈલસ્ટ્રેટેડ તરફથી 'સ્પોટ પર્સન ઓફ ધ યર'નો એવોર્ડ આપવામાં આવ્યો.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સંયુક્ત કમાંડર્સ સમ્મેલનની અધ્યક્ષતા કરી.

**સંયુક્ત કમાંડર્સ સમ્મેલન**

- આ સેનાની ત્રણેય શાખાઓનું વાર્ષિક સમ્મેલન છે.
- પ્રથમ વખત દિલ્લીથી બહાર કોચ્ચી તટથી 50 કિલોમીટર દૂર આઈએનએસ વિક્રમાદિત્ય ખાતે આયોજન કરવામાં આવ્યું.

www.crackgpsc.com

> ➢ આ મહત્વનુ સમ્મેલન વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ગયા વર્ષે આપેલ સૂચન મૂજબ પ્રથમ વાર રાષ્ટ્રીય રાજધાની બહાર આયોજન કરવામાં આવ્યું.

- ઊર્જા ઉત્પાદન કંપની વેલસ્પન રિન્યુએબલ એનર્જીએ રાજસ્થાનના પ્રતાપગઢ જિલ્લામાં 126 મેગાવોટનો વિન્ડ પ્રોજેક્ટ શરૂ કરવા માટે જાહેરાત કરી.
- ગોલ્ડન રીચ શીપબિલ્ડર્સ અને એન્જિનિયર્સ લિમિટેડ (GRSE) કોલકાતા દ્વારા નિર્મિત 'એલસીયૂ - એલ 55' નામનું પાંચમું યુદ્ધ જહાજ ભારતીય નૌકાદળ માટે તૈયાર. કુલ 8 માંથી આ પાચમું છે.
- મહારાષ્ટ્ર દેશનું પહેલું એવું રાજ્ય બન્યું કે જેમાં વિધાનસભાના સભ્યો પોતાના પ્રશ્નોને ઓનલાઈન માધ્યમથી પૂછી શકે છે. વેબસાઈટ http://mls.org.in લોન્ચ કરવામાં આવી.
- ભારતીય કંપની ટેક મહિન્દ્રા દુબઇમાં 'ફોર્બ્સ ટોપ 100 મિડલ ઈસ્ટ – ગ્લોબલ મીટ્સ લોકલ 2015' એવોર્ડથી સન્માનિત.
- વિશાખાપટ્ટનમમાં ભારત-રશિયા દ્વિપક્ષીય નૌસેના અભ્યાસ ઇન્દ્રા નેવી -15 ની શરૂઆત.
- વર્લ્ડ બેન્કે શોક વેવ્સ : મેનેજિંગ દ ઈમ્પેક્ટ ઓફ ક્લાઈમેટ ચેન્જ ઓન પુવર્ટી નામથી એક રીપોર્ટ બહાર પાડ્યો. રીપોર્ટમાં જળવાયુ પરિવર્તન અને ગરીબી વચ્ચે પરસ્પર સંબંધની તપાસ થઈ અને તારણ કાઢ્યું કે વિશ્વમાં વધતી ગરીબીનાં પ્રાથમિક પરિબળો પૈકી એક જળવાયુ પરિવર્તન છે.
- એ કે જૈનની સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાઈરેક્ટ ટેક્સ (સીબીડીટી)ના મુખ્ય અધિકારી તરીકે નિમણૂંક કરવામાં આવી. તે અનિતા કપૂરનું સ્થાન લેશે.
- અખિલેશ મિશ્રા ને માલદીવના ઉચ્ચાયુક્ત તરીકે નીમ્યા. તે રાજીવ શાહારેનું સ્થાન લેશે, જેમને હવે ડેનમાર્કમાં ભારતના નવા રાજદૂત તરીકે નીમવામાં આવ્યા છે.
- 14 ડિસેમ્બર 2015 : ભારતમાં નેશનલ એનર્જી કન્ઝર્વેશન ડે (રાષ્ટ્રીય ઉર્જા સંરક્ષણ દિવસ) મનાવવામાં આવ્યો.
  - ➢ ઉત્તર પ્રદેશ સરકારે 14 ડિસેમ્બર 2015ના રોજ ઉર્જા સંરક્ષણ માટે યુપીસેવએનર્જી ડોટ કોમ (upsavesenergy.com) નામનું પોર્ટલ શરૂ કર્યું.
- 16 ડિસેમ્બર : દેશમાં વિજય દિવસ તરીકે મનાવવામાં આવ્યો.

> **વિજય દિવસ**
>
> ➢ ભારતીય સેના દ્વારા વર્ષ 1971માં પાકિસ્તાન સામે લશ્કરી વિજય (16 ડિસે. 1971) ના માનમાં દર વર્ષે વિજય દિન ઉજવવામાં આવે છે.

www.crackgpsc.com

- સુપ્રિમ કોર્ટે ઉત્તરપ્રદેશમાં નવા લોકાયુક્ત તરીકે રિટાયર્ડ જસ્ટીસ વીરેન્દ્ર સિંહની નિમણુંક કરી. સુપ્રિમ કોર્ટે ઐતિહાસિક નિર્ણય લેતા લોકાયુક્તની નિયુક્તિ માટે અનુચ્છેદ-૧૪૨ નો ઉપયોગ કર્યો. સુપ્રિમ કોર્ટે એ પહેલીવાર કોઈ રાજ્યના લોકાયુક્તની નિમણુંક કરી.
- દેશની રાજધાનીને પ્રદુષણથી બચાવવા માટે સુપ્રીમ કોર્ટે આકરો ચૂકાદો સંભળાવતા 2000 સીસીથી ઉપરના વહાનો માટે રજિસ્ટ્રેશન પર પ્રતિબંધ મુકી દીધો છે. 31 માર્ચ સુધી દિલ્લીમાં ડીઝલ ગાડીઓના રજિસ્ટ્રેશન પર પ્રતિબંધ.
- ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ઈસરો)એ શ્રીહરિકોટા સ્થિત સતિષ ધવન સ્પેસ સેન્ટરમાંથી સિંગાપોરના 6 કૃત્રિમ ઉપગ્રહોને પોલાર સેટેલાઈટ લોન્ચ વેહિકલ (પીએસએલવી-સી-29) રોકેટ દ્વારા ભ્રમણકક્ષામાં સફળતાપૂર્વક સ્થિર મૂક્યા હતા.
- વિશ્વ બેંકે સ્વચ્છ ભારત અભિયાન માટે 1.5 અરબ ડોલર લોનની મંજૂરી આપી. જેનો ઉપયોગ સ્વચ્છ ભારત મિશન માટે કરવામાં આવશે.
- ઇન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટૂરીઝ્મ કોર્પોરેશન દ્વારા ઇ ખાનપાનની સુવિધા માટે ઈ-પેમેન્ટ ગેટ વે ઉપલબ્ધ કરાવવાના ઉદ્દેશ્યથી PAYTM સાથે કરાર કરવામાં આવ્યો. આ ઈ કેટરિંગ સુવિધાના પ્રસાર માટે તેને ફૂડ ઓન ટ્રેક નામ આપવામાં આવ્યું છે.
- પાકિસ્તાને શાહીન 1-એ બૈલિસ્ટિક મિસાઇલનું સફળ પરીક્ષણ કર્યું. જેને હફ્ત ચતુર્થ તરીકે પણ ઓળખવામાં આવે છે.
- રેવા ક્ષેત્રપાલે દિલ્લીના લોકાયુક્ત પદ માટે શપથ લીધા. દિલ્લીના રાજયપાલ નજીબ જંગે શપથ લેવડાવી.
- ફોર્બ્સ પત્રિકાએ વર્ષ 2015માં વેપાર માટે સર્વશ્રેષ્ઠ દેશોની યાદી જાહેર કરી. 144 દેશોની યાદીમાં ભારતને 97મું સ્થાન પ્રાપ્ત થયું. ડેન્માર્ક સર્વશ્રેષ્ઠ દેશ બન્યો.
- અરૂણાચલ પ્રદેશ વિધાનસભાના વિધાનસભા સ્પીકર નબામ રેબિયા સામે મહાભિયોગ પ્રસ્તાવ પાસ કર્યો.
- કોલ ઇન્ડિયા લિમિટેડ ત્રણ વર્ષ માટે હોકી ઈન્ડિયા લીગનું નવું પ્રાયોજક. જે હીરો મોટોકોર્પનું સ્થાન લેશે.
- IPLના પૂર્વ વિવાદિત કમિશ્નર લલિત મોદી રાજસ્થાન ક્રિકેટ એસોસિએશનના પદ પર ફરીથી અધ્યક્ષ તરીકે નિમણૂક પામ્યા.
- અનિલ અંબાણીની રીલાયન્સ એન્ટરટેઈનમેંટ અને સ્ટીવેન સ્પિલબર્ગની ડ્રીમવર્ક્સે એક નવી ફિલ્મ, ટેલીવિઝન અને ડિજિટલ સામગ્રી નિર્માણ કંપની 'અંબલિન પાર્ટનર્સ' ની રચનાની જાહેરાત કરી.
- ભારતના 67માં પ્રજાસત્તાક દિનની ઉજવણી જાન્યુઆરી 26, 2016 પર ફ્રાન્સના રાષ્ટ્રપતિ ફ્રાંસ્વા ઓલાંદ મુખ્ય મહેમાન હશે. આ પાંચમી વાર છે કે જેમાં ફ્રાન્સના કોઈ નેતા ભારતના

www.crackgpsc.com

પ્રજાસત્તાક દિવસના સમારોહમાં મુખ્ય અતિથી તરીકે હોય. 2008માં આ પ્રસંગે નિકોલસ સાર્કોઝી મુખ્ય મહેમાન તરીકે આવ્યા હતા.

- ભારતે વૈશ્વિક માનવ રાહત અભિયાનમાં સહાયતા માટે સંયુક્ત રાષ્ટ્રની ક્વિક રિસ્પોન્સ ફંડ પ્રણાલીમાં વર્ષ 2015-16 માટે પાંચ લાખ ડોલરનો ફાળો આપવાની જાહેરાત કરી.
- સાહિત્ય અકાદમી દ્વારા સાહિત્ય અકાદમી પુરસ્કારોની જાહેરાત. જે 16 ફેબ્રુઆરી 2016ના દિવસે આપવામાં આવશે.

**કવિતા સંગ્રહ:**

- બ્રજેન્દ્ર કુમાર (બોડો)
- રામદરશ મિશ્ર (હિન્દી)
- રામશંકર અવસ્થીર (સંસ્કૃત)

**નવલકથાકાર :**

- સાઈરસ મિસ્ત્રીન (અંગ્રેજી)
- રસિક શાહ (ગુજરાતી)

**સાહિત્ય અકાદમી પુરસ્કાર :**

- વર્ષ 1954માં પોતાની સ્થાપનાના સમયથી જ સાહિત્ય અકાદમી પ્રતિ વર્ષ ભારતની મુખ્ય ભાષાઓમાથી પત્યેકમાં સર્વોત્તમ સાહિત્યિક કૃતિને પુરસ્કાર પ્રદાન કરે છે. પ્રથમ વખત આ પુરસ્કાર વર્ષ 1955માં આપવામાં આવેલ.

- રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને હાસ સ્કૂલ ઓફ બિઝનેશ (કેલિફોર્નિયા વિશ્વવિદ્યાલય) તરફથી સર્વલૌકિક નવાચાર માટે ઉત્કૃષ્ઠ વૈશ્વિક માર્ગદર્શન માટે ગારવુડ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા.
- યુનિવર્સિટી ઓફ સાઉથ ફ્લોરિડાએ પૂર્વ રાષ્ટપતિ મિસાઈલ મેન એપીજે અબ્દુલ કલામના સન્માનમાં તેમના નામે ફેલોશિપનું એલાન કર્યું. આ એવોર્ડ એવા ભારતીય વિદ્યાર્થીઓને આપવામાં આવશે કે જે યુનિવર્સિટી ઓફ સાઉથ ફ્લોરિડામાં પીએચડી કરવાની ઈચ્છા ધરાવતા હોય.
- પૂર્વ ભારતીય ઓલરાઉન્ડર મનોજ પ્રભાકરને અફઘાનિસ્તાન ક્રિકેટ ટીમના બોલર કોચ બનાવ્યા.
- ભૂતપૂર્વ સંરક્ષણ સચિવ આર કે માથુરની ચીફ ઇન્ફોર્મેશન કમિશનર (CIC) તરીકે નિમણૂક કરવામાં આવી. તે વિજય શર્માનું સ્થાન લેશે.

www.crackgpsc.com

- ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવની અધ્યક્ષતામાં રાજ્ય મંત્રીમંડળે રાજયમાં પોલીથીનના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય કર્યો.
- ટેનિસ ઈંટેગ્રિટી યુનિટ દ્વારા ગ્રીક ટેનિસ ખેલાડી એલેક્ઝેંડર જેકુપોવિક પર ભ્રષ્ટાચાર વિરોધી કાર્યક્રમ હેઠળ દોષી ઠરવા બદલ આજીવન પ્રતિબંધ મૂકવામાં આવ્યો.
- સર્વાધિક ટેસ્ટ રગ્બી અંક મેળવનાર ડેન કાર્ટર ને ત્રીજી વાર 2015નો 'બીબીસી ઓવરસીસ સ્પોર્ટ્સ પર્સનાલિટી ઓફ ધ યર' મળ્યો.
- 18 ડિસેમ્બર: આંતરરાષ્ટ્રીય પ્રવાસી દિવસ

**આંતરરાષ્ટ્રીય પ્રવાસી દિવસ**

- વર્ષ 2015, માનવીય પીડા અને પ્રવાસી હેરાનગતીના રૂપમાં યાદ કરવામાં આવશે.
- સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ 4 ડિસેમ્બર 2000ના સંપૂર્ણ વિશ્વમાં વધતાં પ્રવાસીઓની સંખ્યાને જોતાં 18 ડિસેમ્બરને આંતરરાષ્ટ્રીય પ્રવાસી દિવસ તરીકે મનાવવાનું જણાવ્યું.

- ઉત્તરપ્રદેશ મંત્રીમંડળે કેન્દ્ર સરકારની ઉદય યોજના (ઉજ્જવલ ડિસ્કોમ એન્સ્યોરન્સ યોજના)માં રાજ્યની ભાગીદારીને પોતાની મંજૂરી આપી. આ યોજનામાં વિદ્યુતનો ખર્ચ ઘટાડવાની જોગવાઈ છે.
- સ્પેનની મોડેલ મૈરિયા લેલાના રેયો દુનિયાભરની 113 હરીફોને હરાવીને મિસ વર્લ્ડ-2015નો તાજ જીતી ગઈ છે. ચીનના રિસોર્ટ સિટી સેન્યામાં આયોજિત ભવ્ય ફિનાલેમાં આ જાહેરાત કરવામાં આવી હતી.
- અમેરિકાના લાસ વેગાસ શહેરમાં યોજાયેલી 64મી મિસ યુનિવર્સ સૌદર્ય સ્પર્ધાની ફાઈનલમાં મિસ યુનિવર્સનો તાજ ફિલિપાઇન્સની પિયા એલોન્ઝોને માથે મૂકાયો.

- સ્પર્ધાની ફાઈનલમાં એક મોટો છબરડો થયો હતો. સંચાલક સ્ટીવ હાર્વેની ભૂલથી મિસ કોલમ્બિયા અરિયાન્દાના માથે મિસ યુનિવર્સનો તાજ મૂક્યો હતો. જોકે થોડીક જ મિનિટોમાં ભૂલ ધ્યાન આવી હતી અને મિસ યુનિવર્સનો તાજ ફિલિપાઇન્સની પિયા એલોન્ઝોને માથે મૂકાયો હતો.
- ફાઇનલ રાઉન્ડમાં અમેરિકા, ફિલિપાઇન્સ અને કોલમ્બિયાની બ્યૂટી ક્વિન્સ પહોંચી હતી.
- ભારત તરફથી કરનારી ઉર્વશી રૌતેલાએ ભાગ લીધો હતો. રિતેલા જોકે ફાઇનલ રાઉન્ડ સુધી પહોંચવામાં નિષ્ફળ રહી હતી.

www.crackgpsc.com

- આવકવેરા વિભાગ દ્વારા બહાર પડાયેલ રીપોર્ટ દ્વારા નાણાકીય વર્ષ 2015-16માં દેશમાં ટેક્ષપેયર ની સંખ્યામાં 27 લાખ નવા લોકોનો વધારો. ચાલુ વર્ષમાં (2015-16) એક કરોડ નવા લોકોને આવકવેરામાં સમાવવાનું લક્ષ્ય છે.
- ત્રણ દિવસીય દ્વિતીય વિશ્વ ઈંટરનેટ સમ્મેલન (WIC) ચીનના ઝેજિયાંગ પ્રાંતમાં આવેલ વુજેન શહેરમાં યોજાયું.
- સ્પેનના ફૂટબોલ ક્લબ બાર્સીલોનાએ આર્જેંટીનાના ક્લબ રિવર પ્લોટને હરાવીને રેકોર્ડ ત્રીજી વાર ફીફા ક્લબ વિશ્વ કપ ફૂટબોલ ટેનામેંટનો ખિતાબ જીત્યો.
- સંયુક્ત રાષ્ટ્રએ ઈટલીમાં અધિકારિક રૂપથી વર્ષ 2016ને આંતરરાષ્ટ્રીય દાળ વર્ષના સ્વરૂપે મનાવવાની જાહેરાત કરી.
- કેન વિલિયમસન ICCની ટેસ્ટ રેંકિંગમાં પ્રથમ (શીર્ષ) સ્થાન પામનાર ન્યૂઝીલેન્ડના પ્રથમ ક્રિકેટર.
- અખિલ ભારતીય ફૂટબોલ મહાસંઘ (એઆઇએફએફ) દ્વારા પુરૂષ વર્ગમાં યુજેંસન લિંગદોહ તથા મહિલા વર્ગમાં બાલાદેવીને વર્ષના સર્વશ્રેષ્ઠ ફૂટબોલ ખેલાડીઓ તરીકે સમ્માનિત કરવામાં આવ્યા.
- ટાટા મોટર્સની યુરોપીય આયોગ દ્વારા બહાર પડાયેલ વર્ષ 2015ની રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ યાદીમાં રોકાણ બાબતે દુનિયાની પ્રથમ 50 કંપનીની યાદીમાં 49 મા સ્થાને સમાવેશ કરવામાં આવ્યો છે.
- ભારતીય ખેલાડી અભયસિંહે પુરુષ અંડર-19 ની ફાઈનલમાં મલેશિયાને હરાવીને ઓલ્ડ ચાંગની સિંગાપુર સ્ક્વોસ ઓપનનો એવોર્ડ જીત્યો.
- બ્રિટેનના ટેનિસ ખેલાડી એન્ડી મરેને વર્ષ 2015નો 'બીબીસી સ્પોર્ટ્સ પર્સનાલિટી ઓફ ધ યર' પુરસ્કાર એનાયત કરાયો.
- ઉત્તરપ્રદેશમાં વિકાસ કાર્યોને ગતિ આપવા માટે રાજ્ય સરકાર અને ટાટા ટ્રસ્ટ વચ્ચે સમજૂતી પત્ર પર હસ્તાક્ષર.
- આંતરરાષ્ટ્રીય ફૂટબોલ મહાસંઘ ફીફાએ સેપ બ્લેટર અને માઈકલ પ્લાતિની પર આઠ વર્ષનો પ્રતિબંધ લગાવ્યો.
- સંરક્ષણ મંત્રી મનોહર પરિકરે સરક્ષણ ખરીદ પ્રક્રિયાને સરળ અને પારદર્શી બનાવવા 'મેકઈનઈન્ડિયા ડિફેન્સ ડોટ કોમ' વેબસાઈટનો સુભારંભ કર્યો.
- વર્ષ 2016ના જાન્યુઆરી મહિનામાં બાંગ્લાદેશમાં આયોજિત થનાર અંડર-19 વિશ્વકપની ભારતીય ટીમ માટે ભારત તરફથી ઈશાન કિશનને અંડર-19 ટીમના કપ્તાન તરીકે પસંદ કરાયો.

www.crackgpsc.com

- વિકલાંગ (નિ:શક્તજન) અધિકારિતા વિભાગના સચિવ લવ વર્મા દ્વારા નવી દિલ્લી સ્થિત પર્યાવરણ ભવનમાં અંધ અને દ્રષ્ટિની નબળાઈ ધરાવતા લોકો માટે 'આઈવે નેશનલ હેલ્પડેસ્ક' ની શરૂઆત કરાઈ. જે ટોલ ફ્રી નંબર 1800-300-20469 પર આઈવે નેશનલ હેલ્પડેસ્કને ફોન કરીને પોતાની માહિતીના જવાબો મેળવી શકે છે.
- વિશ્વની નંબર 1 યુગલ ખેલાડી અને દેશની ટોચની ટેનિસ ખેલાડી સાનિયા મિર્ઝા આવતા વર્ષે ત્રણ ફેબ્રુઆરીથી શરૂ થનાર ફેડ કપ ટૂર્નામેંટમાં ભારતીય ટીમનું પ્રતિનિધિત્વ કરશે.

**ફેડ કપ**
- આ મહિલાઓની આંતરરાષ્ટ્રીય પ્રતિયોગિતા છે.
- વર્ષ 1995 સુધી જેને ફેડરેશન કપના નામથી ઓળખવામાં આવતી.
- પુરુષોની આવી જ આંતરરાષ્ટ્રીય પ્રતિયોગિતાને ડેવિસ કપ કહે છે.

- ગુજરાત પ્રધાનમંત્રી આવાસ યોજના (અરબન) અંતર્ગત ઝૂંપડાવાસીના પુનર્વાસ માટે પ્રાઈવેટ-પબ્લીક પાર્ટનરશીપ (પીપીપી) પરિયોજના શરૂ કરનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યું.
- અમેરિકી એરોસ્પેસ નિર્માતા અને અંતરિક્ષ પરિવહન સેવા પ્રદાતા સ્પેસ એક્સપ્લોરેશન ટેક્નોલોજીસ કોર્પોરેશન (સ્પેસ એક્સ) દ્વારા ફેલ્કન 9 રોકેટનું સફળતાપૂર્વક પ્રક્ષેપણ.

**ફેલ્કન 9 રોકેટ**
- આ પ્રક્ષેપણમાં રોકેટે 11 ઉપગ્રહોને પ્રક્ષેપિત કર્યા.
- આ પ્રથમ ઘટના છે કે જેમાં કોઈ રોકેટ, ઉપગ્રહોને સ્થાપિત કરી ફરીથી ધરતીપર પાછું ફરવામાં સફળ રહ્યું.

- 22 ડિસેમ્બર : મહાન ગણિતજ્ઞ શ્રીનિવાસ અયંગર રામાનુજનની સ્મૃતિમાં રાષ્ટ્રીય ગણિત દિવસ મનાવવામાં આવ્યો.
- ઈંટરનેટ સર્ચ એન્જિન 'યાહૂ'ની વર્ષ 2015માં ભારતની સર્વશ્રેષ્ઠ વ્યક્તિત્વની યાદીમાં 'ગાય'ને ટોચનું સ્થાન મળ્યું. રાજનીતિક હસ્તિઓમા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સર્વાધિક સર્ચ થનાર રાજનેતા.
- ન્યુઝીલેંડ ક્રિકેટ ટીમના કેપ્ટન બ્રેંડન મેકુલમે સન્યાસની જાહેરાત કરી.
- BSFનું ચાર્ટેડ વિમાન સુપરકિંગ દિલ્લીના દ્વારકાના સેક્ટર-8ના શાહાબાદ ગામમાં દુર્ઘટનાગ્રસ્ત થયું.
- રાજ્યસભામાં જુવેનાઈલ જસ્ટિસ બીલ 2015 કોઈ પણ સુધારા વિના ધ્વનિમતથી પસાર.

www.crackgpsc.com

**જુવેનાઈલ જસ્ટિસ બીલ 2015**

- ઘોર અપરાધો માટે નાબાલિક અપરાધીઓની ઉમર 18 વર્ષથી ઘટાડીને 16 વર્ષ કરવામાં આવી.
- સંસદમાં મળેલ મંજૂરી પછી હવે બીલ રાષ્ટ્રપતિ પાસે જશે. તેના પછી આ કાયદો બનશે.
- આ બીલ હેઠળ અધિકતમ સજાની જોગવાઈ 10 વર્ષ રાખવામા આવી છે.

- ITFએ સંયુક્ત રાષ્ટ્ર અમેરિકાની સેરેના વિલિયમ્સ અને સર્બિયાના નોવાક જોકોવિચને વર્ષ 2015ના ITF વિશ્વ ચેમ્પિયન જાહેર કર્યા.

સ્વીટ્ઝર્લેંડની માર્ટિના હિંગિસ અને ભારતની સાનિયા મિર્ઝા મહિલા ડબલ્સ વિશ્વ ચેમ્પિયન બન્યાં.
નેધરલેંડના જીન જૂલિયન રોજેર અને રોમાનિયાના હોરિયા ટેકાઉ પુરુષ ડબલ્સ વિશ્વ ચેમ્પિયન બન્યા.

- ફિલિપાઈન્સ ડેન્ગ્યુની રસી ડેંગા વેક્સિયાના વેચાણને મંજૂરી આપનાર એશિયાનો પ્રથમ દેશ બન્યો. જે ફ્રાન્સની દવા નિર્માતા કંપની સનોફીના રસી નિર્માણ વિભાગ સનોફી પાશ્ચર દ્વારા વિકસિત કરવામાં આવી છે. આ રસી માત્ર 9 થી 45 વર્ષની વ્યક્તિઓ માટે છે.
- બ્રુનેઈના સુલતાન હાજી હસન અલ બોલકીયા દ્વારા મુસ્લીમોને દેશમાં સાર્વજનિક સ્થાન પર ક્રિસમસ મનાવવા પર પ્રતિબંધ.
- રીલાયન્સ કમ્યુનિકેશન અને એયરસેલ પોતાના વાયરલેસ બિઝનેસને મર્જ કરવાની જાહેરાત કરી. જે સોદો 35000 કરોડનો હશે.
- નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલ મંત્રીમંડળ બેઠકમાં સલમા બાંધના નિર્માણ માટે 1775.69 કરોડ રૂપિયાની અંદાજિત રકમની મંજૂરી.

**સલમા બાંધ**

- અફઘાનિસ્તાનના ચિસ્તી શરીફ નામના જિલ્લાના હેરાત નામના શહેરમાં.
- આ બંધનું નિર્માણ વર્ષ 1976માં હરિ નદી પર કરવામાં આવ્યું હતું. પરંતુ અફઘાનિસ્તાનમાં ગૃહયુદ્ધમાં આ પૂલ ક્ષતિગ્રસ્ત થઈ ગયેલ.

- હરિયાણા સરકારે ફિલ્મ અભિનેતા ધર્મેન્દ્ર અને સાંસદ હેમામાલિનીને પ્રવાસન વિભાગના બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત કર્યા.

www.crackgpsc.com

- ગુડગાવની ગ્રોસરી સર્વિસ આપતી કંપની પેપરટેપે બેંગલોરની કામાપણી જીફસ્ટોરને હસ્તગત કરી.
- સાનિયા મિર્ઝા અને માર્ટિના હિંગિસની જોડીને અંતરરાષ્ટ્રીય ટેનિસ મહાસંઘે 2015 સત્રમાં શાનદાર પર્ફોમ માટે મહિલા યુગલ વિશ્વ ચેમ્પિયન જાહેર કરી
- બ્રહ્માંડનો રહસ્યમય અને અદૃશ્ય હિસ્સો મનાતા ડાર્ક મેટરમાં બ્રહ્માંડના અસ્તિત્વનું ખરું રહસ્ય જાણવા અને તેના પર સંશોધન કરવા ચીને પ્રથમ વખત ઉપગ્રહ છોડ્યો. ડાર્ક મેટરના સંશોધક ઉપગ્રહને વુકોંગ નામ આપવામાં આવ્યું છે.
- ઓસ્ટ્રેલિયાના યુવા કેપ્ટન સ્ટીવ સ્મિથને આઇસીસીના સૌથી પ્રતિષ્ઠિત મનાતા બે એવોર્ડ ક્રિકેટર ઓફ ધ યર અને ટેસ્ટ ક્રિકેટર ઓફ ધ યર એમ બે મહત્વના એવોર્ડ્ઝ મળ્યા. દ. આફ્રિકાના એ. બી. ડિવિલિયર્સને 2015નો વન ડે પ્લેયર ઓફ ધ યર પુરસ્કાર.
- બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારની અધ્યક્ષતામાં રાજ્યમાં શહેરોની સફાઈ રાખવા માટે મુખ્યમંત્રી આદર્શ નગર નિકાય યોજના લાગુ કરવાનો નિર્ણય.
- મેક ઈન ઈન્ડિયા અભિયાન હેઠળ ચીનની મોબાઈલ હેન્ડસેટ કંપની વિવોએ ભારાતમાં ગ્રેટર નોઈડામાં કંપની પ્રોડકશન પ્લાન્ટ લગાવ્યો.
- વરિષ્ઠ આઈએએસ અધિકારી પવન કુમાર અગ્રવાલ ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી (FSSAI)ના સીઈઓ તરીકે નિમણૂક. તેઓ યુદ્ધવીરસિંહ મલિકનું સ્થાન લેશે.
- માઈકલ બ્રેડલી 2015ના અમેરિકાના સર્વશ્રેષ્ઠ પુરુષ ફૂટબોલ ખેલાડી બન્યા.
- ઝીમ્બાબ્વેના નાણામંત્રીએ ચીનની મુદ્રા યુઆનને સત્તાવાર રીતે અપનાવવાનું જણાવ્યુ.
- ICICI બેન્કે પોતાની વેબસાઈટ દ્વારા રેલવે ટિકિટના વેચાણ માટે રેલવેના ઈ-ટિકિટીંગ પ્લેટફોર્મ IRCTC સાથે સમજૂતી કરી. ICICI દેશની પહેલી એવી બેન્ક છે જેમાં આ સુવિધા ઉપલબ્ધ છે.
- કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી રાધામોહન સિંહે ખેડૂતો માટે બે મોબાઈલ એપ 'ક્રોપ ઈન્સ્યોરન્સ' અને 'એગ્રીમાર્કેટ મોબાઈલ' લોન્ચ કરી.

**ક્રોપ ઈન્સ્યોરન્સ**

- વીમા કવરની પૂરેપૂરી જાણકારી.
- પાક માટેની વીમા રકમ, કવરેજ રાશિ તથા લોનની ગણતરી કરવામાં મદદ.

**એગ્રીમાર્કેટ મોબાઈલ**

- ખેડૂતો 50 કીમીની હદમાં આવેલ માર્કેટમાં પાકના મૂલ્ય તથા દેશના અન્ય માર્કેટ (બજાર)ના ભાવ વિષે જાણકારી મેળવી શકે.



www.crackgpsc.com

- મુખ્યમંત્રી નીતિશકુમાર દ્વારા રાજધાની પટનામાં 15 વર્ષ જૂના ડીઝલ વાહનો પર પ્રતિબંધ લગાવવાનો આદેશ.
- ગૌતમ એચ બંબાવાલે પાકિસ્તાનમાં ભારતના હાઈ કમિશ્નર તરીકે નિયુક્ત. વર્તમાનમાં તેઓ ભૂતાનમાં ભારતના રાજદૂત છે. બંબાવાલે, ટીસીએ રાઘવનનું સ્થાન લેશે.
- 24 ડિસેમ્બર 2015 : 30મો રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા દિવસ.
- પૂર્વ ભારતીય વિકેટકીપર સૈયદ કિરમાનીને વર્ષ 2015નો કર્નલ સી.કે. નાયડૂ લાઈફટાઈમ એચીવમેંટ પુરસ્કાર.

**કર્નલ સી.કે. નાયડૂ લાઈફટાઈમ એચીવમેંટ પુરસ્કાર**

- BCCI આ પુરસ્કાર ભારતના પહેલા ટેસ્ટ કપ્તાન કર્નલ સી કે નાયડૂની જયંતીના શતાબ્દી વર્ષના અવસર પર ક્રિકેટમાં અભૂતપૂર્વ યોગદાન આપનાર ખેલાડીઓને આપવામાં આવે છે. જેની શરૂઆત 1994માં થઈ હતી. પ્રથમ પુરસ્કાર લાલા અમરનાથને મળ્યો હતો. કપિલદેવ(2013), દિલિપ વેંગસરકર (2014).

- હિન્દી સિનેમાની પ્રખ્યાત અભિનેત્રી સાધનાનું નિધન.
- આઈડિયા સેલ્યુલર ભારતમાં 4જી સેવા શરૂ કરનાર ત્રીજી મોબાઈલ ઓપરેટર બની. આ પહેલાં ભારતી એરટેલ અને વોડાફોન ઈન્ડિયાએ ભારતમાં આ સેવા શરૂ કરેલ.
- ભારતનું પ્રથમ સ્વદેશી ભારતીય યુદ્ધ જહાજ આઈએનએસ ગોદાવરી સેવાનિવૃત્ત. આઈએનએસ ગોદાવરીને 10 ડિસેમ્બર 1983માં નૌસેનામાં સામેલ કરવામાં આવેલ.
- સંજીતા ચાનૂ અને કોરોદા રમન્નાએ સિનિયર નેશનલ વેઈટ લિફ્ટીંગ ચેમ્પિયનશિપ્સમાં ક્રમશઃ મહિલાઓના 48 કિગ્રા અને પુરુષોના 56 કિગ્રા માં ગોલ્ડ મેડલ જીત્યા.
- દેશભરમાં 1 જુલાઈથી 7 જુલાઈ, 2015 સુધી આયોજીત ડિજિટલ ઈન્ડિયા સપ્તાહ દરમિયાન છત્તીસગઢ રાજ્ય સરકાર દ્વારા ઈન્ફર્મેશન ટેકનોલોજી ક્ષેત્રમાં કરવામાં આવેલ નોધપાત્ર કાર્ય માટે સમગ્ર દેશમાં પ્રથમ સ્થાન.

- છતીસગઢના ત્રણ જિલ્લાઓને પણ ભારત સરકાર દ્વારા પુરસ્કાર માટે પસંદ કરાયા.
- જિલ્લાની શ્રેણીમાં : 1. કોંડાગાવ, 2. કોરિયા, 3. ગરિયાબંદ.
- ડિજિટલ સપ્તાહ દરમિયાન નોધપાત્ર પ્રદર્શન કરનાર રાજ્યોમાં હિમાચલપ્રદેશ દ્વીતીય અને મેઘાલય ત્રીજા સ્થાને છે.
- છતીસગઢના મુખ્યમંત્રી ડૉ. રમણસિંહ.

- જાપાનની પર્વતારોહી કેઈ તાનીગુચીનું ચઢાણ દરમિયાન પડવાથી મોત. તે 2007માં માઉન્ટ એવરેસ્ટ ચઢી હતી.
- નરેન્દ્ર મોદીની રશિયા યાત્રા દરમિયાન બંને દેશો વચ્ચે 16 સમજૂતી પર હસ્તાક્ષર. જેમાં પરમાણુ ઊર્જા, હાઈડ્રોકાર્બન, સૌર ઊર્જા, રેલવે અને વિઝા ક્ષેત્રનો સમાવેશ થાય છે.
- કાબુલમાં નરેન્દ્ર મોદીએ ભારત દ્વારા નિર્મિત અફઘાનિસ્તાન સંસદની નવી ઈમારતનું ઉદ્ઘાટન કર્યું.

> - પ્રધાનમંત્રી બન્યા બાદ મોદીની આ પ્રથમ અફઘાનિસ્તાન યાત્રા છે.
> - અફઘાનિસ્તાનની સંસદના એક બ્લોકનું નામ પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીના નામ પર રાખવામા આવેલ છે.
> - જેની ડિઝાઈન મુગલ અને આધુનિક કળા પર આધારિત છે.

- સેન્ટર ફોર ઈકોનોમિક્સ બિઝનેસ એન્ડ રિસર્ચ (CEBR) દ્વારા બહાર પડાયેલ એક રિપોર્ટ અનુસાર, ભારતની અર્થવ્યવસ્થા વર્ષ 2030 સુધી દુનિયાની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા હશે. 2050 સુધીમાં તો તે ચીનને પણ પાછળ છોડી દેશે.
- જમ્મુ કાશ્મીરના કઠુઆ જીલ્લામાં આવેલ બસોહલી કસ્બામાં કેન્દ્રીય સુરક્ષા મંત્રી મનોહર પર્રિકરે ભારતના પહેલા કેબલ પુલને રાષ્ટ્રને સમર્પિત કર્યો.

> **બસોહલી કેબલ પુલ**
> - 592 મીટર પુલનું નિર્માણ રાવી નદી પર બસોહલી-દુનેરા-બની-ભાદ્રવાહ રોડ પર કરવામાં આવ્યું છે.

- 25 ડિસેમ્બર : સુશાસન દિવસ

> **સુશાસન દિવસ**
> - આ દિવસ ભારતના પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીના જન્મદિવસના રૂપે મનાવવામા આવે છે.

- કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જે.પી.નડ્ડા દ્વારા ચાર નવી આઈટી આધારિત પહેલની શરૂઆત - 'કિલકારી', 'મોબાઈલ એકેડમી' અને 'એમ-નશા નાબૂદી' એમ ત્રણ એપ્લિકેશન, તથા આ ઉપરાંત ટીબી રોગીઓને માર્ગદર્શન માટે તથા સારવાર સહાયતાની જાણકારી આપવા ટોલ ફ્રી નંબર 1800-11-6666 ની શરૂઆત કરાઈ.

www.crackgpsc.com

**કિલકારી**

- ➢ કિલકારી' એક ઓડિયો આધારિત મોબાઈલ સેવા છે, જે કુટુંબને ગર્ભાવસ્થા, બાળકના જન્મ અને તેની દેખભાળ અંગે સપ્તાહમાં એક સંદેશ મોકલાશે.
- ➢ જેમાં લાભાર્થીને ચાર માસની ગર્ભાવસ્થાથી લઈ બાળકના એક વર્ષ થવા સુધીમાં કુલ 72 સંદેશાઓ મોકલાશે.

- ઓસ્ટ્રેલિયા ક્રિકેટ ટીમ આંતરરાષ્ટ્રીય ક્રિકેટના ત્રણેય સ્વરૂપોમાં 1000 શતક બનાવનાર પ્રથમ ટીમ બની ગઈ છે. ત્રીજા સ્થાને ભારત છે, જેના 688 શતક છે. જેમાં સૌથી વધુ 100 આંતરરાષ્ટ્રીય શતક સચીન તેંડુલકરના છે.

| | |
|---|---|
| ઓસ્ટ્રેલિયા | : 1002 શતક |
| ઈંગ્લેન્ડ | : 964 શતક |
| ભારત | : 688 શતક |




- સત્યવતી બરેરા ભારતમાં બિગ ફોર એકાઉંટીંગ ફર્મની મુખ્ય કાર્યકારી અધિકારી નિયુક્ત. આ સ્થાન પ્રાપ્ત કરનાર તે પહેલી મહિલા અધિકારી છે.
- ચીનની સંસદમાં કાયદામાં ફેરફાર. પ્રત્યેક ચીની દંપતી બે બાળકો પેદા કરી શકશે.
- ઈન્દોર : પર્યાવરણ અને લોક સ્વાસ્થ્ય અંગે લોકોને જાગૃત કરવા 15000થી વધારે લોકોએ એક સાથે સાયકલ ચલાવીને નવો વિશ્વ રેકોર્ડ બનાવ્યો.
- આંધ્રપ્રદેશ સરકારે ટેકનોલોજી પહેલ માટે માઈક્રોસોફ્ટ ઈન્ડિયા સાથે સમજૂતી કરાર કર્યા. મુખ્યમંત્રી: ચંદ્રબાબુ નાયડૂ
- ગુજરાતે દિલ્હીને 139 રનથી હરાવીને વર્ષ 2015ની વિજય હજારે ટ્રોફી જીતી. ગુજરાતે પ્રથમ વખત આ ક્રિકેટ ટ્રોફી જીતી.

**વિજય હજારે ટ્રોફી**

- ➢ વિજય હજારે ટ્રોફીને એક દિવસીય રણજી ટ્રોફી પણ કહેવામા આવે છે.

- જેની શરૂઆત વર્ષ 2002-03 માં કરાઈ હતી. જેમાં રાજ્યની ટીમ ભાગ લે છે.
- આ ટ્રોફીનું નામ ક્રિકેટ ખેલાડી વિજય હજારેના નામ પરથી રાખવામા આવ્યું છે.

- અમિતાભ કાંતને નીતિ આયોગના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (CEO) તરીકેનો વધારાનો હવાલો સોપાયો. તે સિંધુ શ્રી ખૂલ્લરનું સ્થાન લેશે.

**નીતિ આયોગ**

- NITIનું આખું નામ નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ફોર ટ્રાન્સફોર્મિંગ ઇન્ડિયા છે.
- કેન્દ્ર સરકારે આયોજન પંચ (અથવા પ્લાનિંગ કમિશન)નું નામ સત્તાવાર રીતે 'યોજના આયોગ'માંથી બદલીને '**નીતિ આયોગ**' કર્યું હતું.

- 28 ડિસેમ્બર: ભારતીય સેનાએ 44મો નાગી દિવસ મનાવ્યો.

**નાગી દિવસ**

- નાગી દિવસ 27-28 ડિસેમ્બર 1971ના રોજ નાગીની પ્રસિદ્ધ લડાઈ દરમિયાન દેશ માટે પોતાના પ્રાણ ત્યાગનાર ભારતીય સૈનિકોની સ્મૃતિમાં મનાવવામાં આવે છે.

- વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (WHO)એ આફ્રિકી દેશ ગિનીને ઈબોલા મુક્ત જાહેર કર્યો.
- ભારત હેવી ઈલેક્ટ્રિકલ્સ લિમિટેડ (BHEL) દ્વારા ઉત્તરપ્રદેશના બારામાં 660 મેગાવોટ ક્ષમતાના પ્રયાગરાજ સુપર થર્મલ (તાપીય) પાવર પ્રોજેકટના એક એકમનો શુભારંભ.
- કરણ અદાણી, અદાણી પોર્ટ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિ. ના CEO બન્યા.
- કેન્દ્ર સરકારનો દસ લાખ રૂપિયાથી વધારે વાર્ષિક આવક ધરાવતા લોકોને LPG સબસીડી ના આપવાનો નિર્ણય.
- ગ્લોબ ફૂટબોલ પુરસ્કાર નું 6ઠ્ઠુ સંસ્કરણ_ દુબઈ, સંયુક્ત અરબ અમીરાતમાં.

**ગ્લોબ સોકર પુરસ્કાર:**

ફૂટબોલ ક્ષેત્રમાં શ્રેષ્ઠતા માટે આપવામાં આવે છે.

- સર્વશ્રેષ્ઠ ફૂટબોલર : લિયોનેલ મેસી (બાર્સેલોના)
- સર્વશ્રેષ્ઠ ક્લબ: એફસી બાર્સેલોના (સ્પેન)

- હનીફ ખાન પાકિસ્તાન હોકી ટીમના મુખ્ય કોચ.
- મહિલા અને બાળ વિકાસ પ્રધાન મેનકા ગાંધીએ નવી દિલ્લી ખાતેના મંત્રાલયમાં ઈ ઓફિસની ઔપચારિક શરૂઆત કરી.

www.crackgpsc.com

- ગુજરાતી સાહિત્ય માટે, ગુજરાતી ભાષાના મૂર્ધન્ય સાહિત્યકાર રઘુવીર ચૌધરીને ભારતીય સાહિત્યના નોબેલ સમાન 2015નો જ્ઞાનપીઠ પુરસ્કાર. ચૌધરી આ પુરસ્કારથી સમ્માનિત થનાર ચોથા ગુજરાતી સાહિત્યકાર છે.

**જ્ઞાનપીઠ પુરસ્કાર – ગુજરાતી સાહિત્યકાર**

- આ પુરસ્કાર 1967માં ઉમા શંકર જોશી, 1985માં પન્નાલાલ પટેલ અને 2001માં રાજેન્દ્ર શાહને આપવામાં આવેલ.

**રઘુવીર ચૌધરી**

- ગાંધીનગરના બાપુપૂરા ગામમાં જન્મેલ રઘુવીર ચૌધરી ગુજરાત વિ.વિ. માં હિન્દી વિભાગના પ્રોફેસર છે.
- 1964માં તેમની પ્રથમ નવલકથા 'પૂર્વરાગ' પ્રકાશિત થઈ ત્યારથી આજપર્યંત એટલે કે છેલ્લાં 51 વર્ષથી રઘુવીર ચૌધરી ગુજરાતી સાહિત્યક્ષેત્રે પ્રવૃત્ત છે અને જોગાનુજોગ તેમને 51મો જ્ઞાનપીઠ પુરસ્કાર મળ્યો છે.

- ક્વીરિકાશવિલી જ્યોર્જિયાના પ્રધાનમંત્રી બન્યા.
- ભારતીય નૌસેનાએ સપાટીથી હવામાં માર કરતી બરાક-8 મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું.
- જેઠા ભરવાડ ગુજરાત કોઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનના પહેલા ઉપાધ્યક્ષ બન્યા.
- રશિયાની ઓછામાં ઓછા 200 કામોવ 226ટી હિલિકોપ્ટર બનાવવા માટે હિંદુસ્તાન એરોનોટિક્સ લિ. સાથે 'મેક ઈન ઈન્ડિયા' પહેલ અંતર્ગત 1 અરબ ડોલરની સમજૂતી.
- નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા શહેરી નિયંત્રણ અને વિકાસની મૂળભૂત શહેરી માળખા અને આવાસ સુવિધા માટે 42000 કરોડ રૂપિયાના રોકાણને મજૂરી.
- સંસ્કૃતિ મંત્રાલય દ્વારા 12મી પંચવર્ષીય યોજના માટે રાષ્ટ્રીય પુસ્તકાલય મિશન અંતર્ગત 400 કરોડ રૂપિયાની મંજૂરી.
- જાપાન અને દ. કોરિયા વચ્ચે 'કમ્ફર્ટ વીમેન' વિવાદ સમાપ્ત. દ્વિતીય વિશ્વ યુધ્ધ સમય દરમિયાન જાપાની સૈનિકો દ્વારા બે લાખથી વધારે મહિલાઓને સેક્સ ગુલામ બનાવીને રાખવામાં આવેલ, જે બદલ જાપાની પ્રધાનમંત્રી શિંજો આબેએ માફી માંગી.
- શહેરી વિકાસ મંત્રાલય અને ન્યૂયોર્ક સ્થિત બ્લૂમબર્ગ ફિલેન્થ્રોપીજ વચ્ચે સ્માર્ટ સિટી પ્રોજેક્ટના વિકાસ કરાર પર હસ્તાક્ષર.

GPSC, BANK Clerk/PO
Maths & Reasoning by... એમ. કે. સર
87340 98198

Empower your Dream

# Master GK

## Online Preparation

100% SATISFACTION GUARANTEE

10,000+

Most IMP Questions

Useful for all exams

UPSC, GPSC, SSC, NDA, PI, PSI, Dy. Mamlatdar, Dy. SO, Chief Officer, Talati, Clerk, HTAT, TAT, TET, SPIPA Entrance, LIC, Railway

www.crackgpsc.com